## જન્મદિને વધામણી



**અશોકભાઈ છનીયારા**
આર્કીટેક્ચર
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦૧૪૨૭૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ચાંદના અજવાસે શહેર ખીલ્યું





## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર શહેરમાં મૂનલાઇટના અનેરા કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

ચંદ્રમાની રાતની રાજયના પાટનગરવાસીઓ અનુભૂતિ કરી શકે અને પ્રકૃતિ-નિસર્ગ તરફ લગાવ થાય તથા મુનલાઈટના ટુરિઝમ તરફ લાવવાના ઉમદા આશયથી રાજય સરકારની પ્રેરણા હેઠળ જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા મૂનલાઈટના અનેરા કાર્યક્રમનું આયોજન તા. ૦૯ થી ૧૧ મે, ૨૦૧૭ દરમ્યાન દરરોજ રાત્રના ૯.૦૦ કલાકે ઘ-૪ થી ગ-૪ વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટા ખાતે કરવામાં આવ્યું છે. તા.૯મી મે, ૨૦૧૭ના રોજ આ કાર્યક્રમને રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો. મુખ્ય સચિવ જે. એન. સિંઘ સહિત ઉપસ્થિત સર્વ મહાનુભાવોએ ટેલિસ્કોપથી આકાશ દર્શન પણ કર્યું હતું.

ગાંધીનગર શહેર હરિયાળું નગર છે, આ હરિયાળા નગરની ચાંદની રાતના સૌંદર્યની અનુભૂતિ મંગળવારે રાત્રે નગરજનોએ કરી હતી. ચાંદની રાતનો શીતળ પ્રકાશ અને વૈશાખી વાયરા વચ્ચે ગઈકાલે નગરના નાગરિકોએ સંગીતમય માહોલમાં મૂનલાઈટનો આનંદ કુદરતના ખોળે એટલે કે સેન્ટ્રલ વિસ્ટાની લોનમાં બેસીને લીધો હતો. તેમજ ચંદ્ર દર્શન માટે ગોઠવવામાં આવેલા ટેલિસ્કોપની મદદથી નગરજનોએ ચાંદાની ખૂબ જ નજીકથી અને આકાશ દર્શનની અનુભૂતિ કરી. આ કારણે ભુલકાઓ અને મોટેરા પણ આનંદિત આનંદિત થઈ ગયા હતા. મુખ્ય સચિવ જે. એન. સિંઘે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રને મૂનલાઈટના સુંદર મજાના કાર્યક્રમનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર એ કુદરતી સૌદર્ય ધરાવે છે. હરિયાળા નગરમાં રાત્રિ દરમ્યાન કુદરતી પ્રકાશ આપતા ચંદ્રમા સાથે રાતની અનુભૂતિ કરવી એ પણ ખૂબ આનંદ આપે છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ કુદરતી સૌંદર્યની વચ્ચે અને સંગીતમય માહોલમાં આ અનેરા કાર્યક્રમનું આયોજન કરીને નગરજનોને ખુશ કરી દીધા છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર સતીશ પટેલે સર્વ મહાનુભાવો અને નગરજનોનું હાર્દિક સ્વાગત કરીને મૂનલાઈટ કાર્યક્રમના આયોજન પાછળના રાજય સરકારના ઉમદા આશયથી વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ જે. પી. ગુપ્તા, ઉદ્યોગ અને ખાણ તથા પ્રવાસનના અગ્ર સચિવ એસ. જે. હૈદર, મુખ્ય સચિવનાં ધર્મપત્ની, જિલ્લા વિકાસ અધિકારી ડી. પી. દેસાઈ, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, જિલ્લા પૂરવઠા અધિકારી નિશાબેન શર્મા, ગાંધીનગર મામલતદાર સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

આજે
માણસ પાસે ઈમેલ છે
પણ
માણસને માણસ સાથે
મેળ નથી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગેલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગેલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

### રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા

# વૃદ્ધાશ્રમને કોમ્પ્યુટર અને વૈદિક પુસ્તકોની ભેટ




ગાંધીનગર, તા. ૧૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં સેક્ટર-૬ સ્થિત ક્રિષ્ણા વૃદ્ધાશ્રમના વૃદ્ધો સાથે મુલાકાતનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે રોટરી ક્લબ દ્વારા વૃદ્ધાશ્રમને વહીવટી કામ માટે એક કોમ્પ્યુટર ભેટ આપવામાં આવ્યું હતું.

૩૦ જેટલા વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમમાં સતત સમય પસાર કરવો પણ એક સમસ્યા જ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને તેઓને સારું, આનંદદાયક, જ્ઞાનવર્ધક અને મનને શાંતિ આપનારું વૈદિક સાહિત્ય પણ ભેટ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ અને વૈદિક પરિવારના મુખ્ય સંયોજક અરવિંદભાઈ રાણાએ વડિલોને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે આપણા પ્રાચીન ભારતીય પરંપરામાં ચાર પ્રકારનાં આશ્રમની વ્યવસ્થા હતી. બાળપણમાં બ્રહ્મચર્યાશ્રમ, ગુરૂકુળમાં અભ્યાસ બાદ બાળકો ભણીને ઘરે આવે પછી ગૃહસ્થાશ્રમ, બાળકોને ઘરે બાળકો થઈ જાય પછી વાનપ્રસ્થાશ્રમ અને અંતમાં વૈરાગ્યની ઉંચી સ્થિતિ બની જતાં સન્યાસ આશ્રમ. આમ, માનવ જીવન ચાર પડાવોમાં વહેંચાયેલું હતું. આજે આપણી પરંપરા લુપ્ત થઈ ગઈ છે ત્યારે ગુરૂકુળોનાં અભાવમાં બાળકોને નૈતિક શિક્ષણ ન મળતાં જ્યારે તેઓ યુવાન બને છે ત્યારે તેમનું નૈતિક સ્તર ખૂબ નીચું હોય છે. પરિવારોમાં વિચારભેદ અને પછી ધીમે ધીમે મનભેદ ઉભા થવા લાગ્યા છે. બાળકોની અને વડિલોની સહનશક્તિ અને સમજણ શક્તિ બંને ઘટતી જવાથી પરિવારો તૂટતા જાય છે. જેના પરિણામે બાળકો માતા-પિતાને તરછોડતા અચકાતા નથી. પરિણામ સ્વરૂપે આવા વૃદ્ધાશ્રમોની જરૂરત ઉભી થઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વૃદ્ધો સ્વેચ્છાએ ઘર છોડીને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે વાનપ્રસ્થ આશ્રમોનું નિર્માણ કરે તે જરૂરી છે. વૃદ્ધાશ્રમને બદલે વાનપ્રસ્થ આશ્રમોમાં વૃદ્ધો નિવાસ કરવા લાગે તો કદાચ વધારે સ્વમાનભરી રીતે અને આનંદ તથા સંતોષ સાથે સ્વતંત્ર જીવન જીવવાનો અવસર મળી જાય. આવા વાનપ્રસ્થ આશ્રમોનું સંચાલન પણ વાનપ્રસ્થીઓ દ્વારા થાય તથા અસમર્થ વૃદ્ધોનો ખર્ચ સમર્થ ગૃહસ્થીઓ સ્વચ્છાએ ઉપાડી લે તે આદર્શ સ્થિતિ છે. આ પ્રસંગે વડિલોએ પણ પોતાની આપવીતી જણાવી સમાજ અને યુવા વર્ગને સુધારવા કાંઈક કરવાની જરૂર હોવા ઉપર ભાર મુક્યો હતો. ચર્ચામાં રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખ અમીબહેન શાહ, સેક્રેટરી અભેરાજભાઈ ચૌધરી, રોટેરીયન શ્રી પાર્થભાઈ ઠક્કર, પ્રહલાદભાઈ પટેલ, જયશ્રીબહેન ખેતીયા વગેરેએ પણ સક્રિયપણે ભાગ લઈ વડિલોના અનુભવો સાંભળીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. વૃદ્ધાશ્રમનાં સંચાલક રાજેશભાઈ ભટ્ટે પણ પોતે આ પ્રવૃત્તિ સાથે કેવી રીતે સંકળાયા તેની માહિતી આપી હતી.

અંતમાં રોટરી કલબનાં સભ્યોએ વડિલોને કોઈપણ ભેદભાવ વગર સારી રીતે રાખી તેમની સેવા કરવા બદલ ક્રિષ્ણા વૃદ્ધાશ્રમના સંચાલકો, સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# જીએનએફસીનો 'નીમ પ્રોજેક્ટ' શિકાગો યુનિવર્સિટીમાં પ્રશંસા પામ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ દ્વારા નવીન પ્રકારના નીમ પ્રોજેક્ટની પહેલ કરી છે. આ પ્રોજેક્ટના કારણે મહિલાઓના જીવનને સુધારવા માટેના પ્રયાસોને ઉત્તેજન મળી રહ્યું છે. નીમ પ્રોજેક્ટની સફળતા અંગે પ્રેઝન્ટેશન કરવા જીએનએફસીના મેનેજિંગ ડિરેક્ટર ડો.રાજીવ કુમાર ગુપ્તાને યુનિવર્સિટી ઓફ શિકાગોમાં આમંત્રણ મળ્યું હતું. સેઈ હોલમાં યોજાયેલા સેમિનારમાં ઈકોનોમિક્સ અને લૉ, પોલિસી અને બિઝનેસ સ્કૂલમાંથી ૧૦૦ ફેકલ્ટી, રિસર્ચર્સ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નીમ પ્રોજેક્ટની કલ્પના અને સફર વિશેની જાણકારી આપવામાં આવી હતી. અનુકરણીય મોડલ પર વિસ્તૃત સમજણ આપવામાં આવ્યા બાદ ૨૦ મિનિટ ઓડિયન્સના પ્રશ્નોના જવાબો અપાયા હતા. નીમ પ્રોજેક્ટ ગુજરાતના ૨૨ જિલ્લાના ૪ હજાર ગામડામાં કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં ૨૨૫૦૦૦ મહિલાઓ માટે ૨૫ કરોડની આવક પેદા કરવામાં આ પ્રોજેક્ટને સફળતા મળી છે. ૭૫ હજારથી વધુ લોકોને પરોક્ષ રીતે રોજગારી મળી રહી છે.

# હરે કૃષ્ણ મંદિર ખાતે નૃસિંહ જયંતિ ઉજવાઈ




ગાંધીનગર, તા. ૧૦

હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે મંગળવારે નૃસિંહ ભગવાનના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે શ્રી નૃસિંહ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ભક્તોએ આ દિવસે સાંજ સુધી ઉપવાસ રાખેલ હતો. ભક્ત પ્રહલાદને તેના રાક્ષસી પિતા હિરણ્યકશ્યપુ સામે રક્ષણ આપવા સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણએ ભગવાન નૃસિંહ દેવરૂપે અવતર્યા હતા કે જેઓ અર્ધ સિંહ અને અર્ધ માનવના રૂપમાં હતા.

હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે નૃસિંહ જયંતિની ઉજવણીની શરૂઆત સાંજે શ્રી નૃસિંહ યજ્ઞથી થઈ હતી. ત્યારબાદ ભગવાનશ્રી લક્ષ્મીનૃસિંહ દેવને વિવિધ પદાર્થો જેવાકે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને ૭ પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક વિધિ દરમ્યાન વિશેષ નૃસિંહ આરતી ગાઈને ખાસ આરતી કરવામાં આવી હતી. ઉત્સવના અંત ભાગમાં ભગવાન શ્રી શ્રી લક્ષ્મીનૃસિંહ દેવની ભવ્ય મહામંગલા આરતી અને પાલકી ઉત્સવની ઉજવણી કરવામાં હતી.

# જે જીવન મળ્યું છે તેને સમગ્રતાથી જીવીએ

'પરમતાઓ' પુસ્તક એ ઓશોના અંગ્રેજી પુસ્તક 'એબ્સોલ્યુટ તાઓ'નો ગુજરાતી અનુવાદ છે. ઓશો કહે છે કે હું મહાવીર ઉપર ફરજના ભાગરૂપે બોલેલો, કૃષ્ણ ઉપર બોલેલો કારણ કે તે અતિમાનવીય, બહુ આયામી અને ચમત્કારી છે. જીસસ ક્રાઈસ્ટ ઉપર ઊંડી સહાનુભૂતિવશ બોલેલો. બુદ્ધ ઉપર એટલા માટે બોલેલો કારણ તેમને હું અનેક જન્મોથી ચાહતો આવ્યો છું. પરંતુ લાઓત્સે ઉપર કે જેણે તાઓની રચના કરી તેના ઉપર હું એ રીતે બોલ્યો છું જાણે હું મારા વિષે બોલતો હોઉં, કારણ કે હું લાઓત્સે સાથે એકરૂપ છું.




વધુમાં ઓશો એવું પણ કહે છે કે પરમ બુદ્ધત્વ પામવા માટે બુદ્ધના માર્ગે જવામાં ધ્યાન કરવું અનિવાર્ય છે. પણ લાઓત્સેના માર્ગે સમજ પર્યાપ્ત છે.

સમજની પર્યાપ્તતાને માણવા માટે, જાણવા માટે, જીવવા માટે 'પરમ તાઓ' પુસ્તક વાંચવા જેવું છે, જીવવા જેવું છે, તેનો આનંદ લેવા જેવો છે.

લાઓત્સે કહે છે, જેને કહી શકાય છે તે પરમ તાઓ નથી. તાઓને માત્ર જીવી શકાય છે સમગ્રતાથી ! છતાંય અતિ કરૂણાવશ, શિષ્યના આગ્રહને વશ થઈ જ્યારે તે પ્રદેશ છોડી કાયમ માટે જઈ રહ્યા હતા ત્યારે સરહદ પરનો ચોકીદાર કે જે તેને ચાહતો હતો તેના આગ્રહને વશ થઈને તેમણે 'તાઓ ધ કિંગ'ની રચના કરી અને તેમાં પ્રથમ જ લખ્યું કે જે કહી શકાય છે તે પરમ તાઓ નથી. તાઓ ધ કિંગ ખૂબ નાનકડું સૂત્રોથી રચાયેલું પુસ્તક છે પણ ઓશોએ અતિકરૂણાને વશ થઈ જે નથી કહી શકાતું અને કહેવાથી અનેક અનર્થો સર્જાવાની શક્યતા હોવા છતાં તેમણે કહેવાનો પ્રયત્ન કરેલ છે જે અદ્‌ભૂત છે. કદાચ પરમ તાઓની આટલી નજીકની, સંસ્પર્શતી અભિવ્યક્તિ પણ કદાચ ઓશો જ કરી શકે તેવું પુસ્તક વાંચ્યા પછી અચૂક લાગે છે.

તાઓનો કેન્દ્રવર્તી સંદેશ છે : સમગ્રતાથી જે જીવન મળ્યું છે તેને જીવવું, તેની વ્યાખ્યાઓ ન કરી, સારા-ખોટાનો ભેદ ન કરી, સ્વરૂપવાન કે કદરૂપાનો ભેદ કર્યા વિના સમગ્રતાથી અને સજાગતાથી જીવન જીવવું અને તે જ પરમ તાઓ છે, પરમ તાઓની અવસ્થા છે.



**પુસ્તક પરિચય**
કુંતલ નિમાવત
knn786@gmail.com

લાઓત્સેએ સંદેશ નથી આપ્યો પણ જીવી બતાવ્યું છે. તે ઉપદેશક નથી પણ વાસ્તવિકતા છે. તમારા માટે તેની પાસે કોઈ સિદ્ધાંતો નથી. એવું કહી શકાય કે પોતાની જાતને આપવા અને વહેંચવા સિવાય તેમની પાસે કશું નથી.

લાઓત્સે આધ્યાત્મિકવાદી નથી કે નાસ્તિકવાદી નથી. તે રહસ્યવાદી છે. અને એટલે તેમને સમજવા અઘરા થઈ ગયા છે. તર્ક દ્વારા સમજવું કે સમજાવવું પુરુષ માર્ગ છે જ્યારે રહસ્યવાદીનો માર્ગ સ્ત્રૈણ છે. સ્ત્રી બિલકુલ જુદી જ રીતે તેનો પ્રભાવ પેદા કરતી હોય છે. તે પહેલ કરતી હોતી નથી, તે પુરુષની પાછળ જતી હોતી નથી કે તે કોઈ યોજના બનાવતી હોતી નથી. તેમ છતાં યોજના બનાવતો, પ્રભાવ પેદા કરવાની કોશિષ કરતો, તર્ક કરતો પુરુષ નિષ્ફળ જોવા મળે છે પણ સ્ત્રી કાયમ સફળ જતી જોવા મળે છે.

લાઓત્સેને તર્કથી નહીં સમજી શકાય, લાઓત્સેને જીવીને સમજી શકાશે એવું આ પુસ્તક સમજાવે છે.

આ પુસ્તક એક નવો ચીલો છે. તેમાં ન સમજાવી શકાતા સત્યને શબ્દોના ઈશારાઓથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને તેમાં ઓશો જેવા પ્રબુદ્ધ વ્યક્તિના ઈશારા છે એટલે તેમાં વજન છે, વજૂદ છે.

**પરમતાઓ**
લેખક : ઓશો
અનુવાદ : રમેશ પટેલ
પ્રકાશક : ઉપનિષદ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા
ફોન : ૨૫૮૦૩૩૬/૬૨૪
કિંમત : રૂા. ૨૦૦.૦૦



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારાસર ખાતે આયોજિત શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ મહોત્સવ અંતર્ગત આચાર્ય પુરુષોત્તમપ્રિય-દાસજી સ્વામીજીની અધ્યક્ષતામાં મહોત્સવના ચોથા દિવસે ઐતિહાસિક નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નગરયાત્રા માનકુવાથી શરૂ થઈ ભારાસાર ખાતે પૂર્ણ થઈ હતી. તેમાં ચાર હાથી હતા. પ્રથમ બાથીની અંબાડી પર સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન, બીજી અંબાડીમાં શ્રી અબજીબાપા, ત્રીજીમાં શ્રી મુક્તજીવન સ્વામીબાપા અને ચોથી અંબાડીમાં આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી નગરયાત્રા દરમિયાન હકડેઠઠ મેદનીને દર્શન આપતા હતા. નગર યાત્રા એટલી વિશાળ હતી કે તેને એક નજરમાં જોવી શક્ય ન હતી. સંતવૃંદ માટે સુશોભિત બે વાહનો હતાં. બે ગામઠી બળદ ગાડામાં બિરાજમાન અમેરિકા, લંડન, બોલ્ડન, નાઈરોબી અને ભારત એમ પાંચ દેશોનાં સ્કોટીશ પાઈપ બેન્ડ વિશ્વ શાંતિની ધૂન રેલાવતાં હતાં. સાથે ભજન મંડળીઓ, કીર્તન ગાતાં હરિભક્તોનો સમૂહ, વિવિધ નૃત્ય કરતી બાલિકાઓ, કળશધારી બહેનો, ઘોડેસવાર વગેરે તો ખરાં જ. આ ઐતિહાસિક નગરયાત્રામાં દેશ ઉપરાંત અમેરિકા, લંડન, બોલ્ટન, નાઈરોબી, ઓસ્ટ્રેલિયા, દુબઈ, આફ્રિકાના હરિભક્તોએ પણ ભાગ લીધો હતો.